Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity - ISSN : 2279-0233
Continuous Issue -35 | July – September 2018

# 'મીરા' કૃષ્ણની એકનિષ્ઠ આરાધિકા

ભક્તિ પ્રેમની મધુમતી ભૂમિકા અને વાસનાનું દિવ્ય રૂપાંતરણ છે. સાત્વિક પ્રેમની પ્રગાઢતાથી શ્રદ્ધાનો ઉદય થાય છે, અને શ્રદ્ધા જ ભક્તિને પરમ શિખર સુધી લઈ જાય છે. ભક્તિ ભાવનાઓનો પરિમાર્જન,પરિષ્કાર અને રૂપાંતરણ કરવામાં સમર્થ છે. જ્યાં ભક્ત અને ભગવાન એક થઇ જાય છે ત્યાં દ્વૈત નહિ અદ્વૈત હોય છે.

**શ્રીમદ્ ભાગવતમાં ભક્તિ નવધા સ્વરૂપમાં છે -**

श्रवण`कीर्तनं विष्णोरचनं पादसेवनम् ।
स्मरण`वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥[1]

શ્રીમદ્ ભાગવતની નવધા ભક્તિમાં દશમી માધુર્ય- ભક્તિનો ઉલ્લેખ છે, જે વૈષ્ણ્વ સમ્પ્રદાયનું પ્રદાન છે.

નારદભક્તિસૂત્ર અનુસાર માધુર્ય-ભક્તિમાં ભક્તની આરધ્ય પ્રતિ અગિયાર[2] આસક્તિનો ઉલ્લેખ મળે છે -

(1) ગુણમાહત્મ્યાસક્તિ (2) રૂપાસક્તિ (3) પૂજાસક્તિ (4) સ્મરણસક્તિ (5) દાસ્યાસક્તિ (6) સખ્યાસક્તિ (7) કાંતાસક્તિ (8) વાત્સલ્યાસક્તિ (9) આત્મનિવેદનાસક્તિ (10) તન્મયાસક્તિ (11) પરમવિરહાસક્તિ

આચાર્ય રૂપગોસ્વામીએ 'ભક્તિરસામૃતસિંધુ' માં ભક્તિના પાંચ [3] પ્રકાર બતાવ્યા છે –

(1) શાંતભક્તિ (2) પ્રીતિભક્તિ (3) પ્રેયોભક્તિ (4) વાત્સલ્યભક્તિ (5) માધુર્યભક્તિ

માધુર્ય-ભક્તિ વૈષ્ણવ સમ્પ્રદાયનું પ્રદાન છે. આમાં ભક્ત પોતાને સ્ત્રીરૂપમાં અને પોતના આરધ્ય ભગવાનને પુરુષરૂપમાં પ્રસ્તુત કરીને તેમની સાથે સંયોગ-વિયોગરૂપી વિવિધ લીલાઓની કલ્પનાથી દામ્પત્ય જીવનની યોજના કરે છે.

આચાર્ય ચૈતન્યના મતાનુસાર –

' વૃદાવનમાં કૃષ્ણ ભગવાનનું એક સ્વરૂપ 'માધુર્ય' છે. આ સ્વરૂપમાં માનવદેહધારી શ્રીકૃષ્ણ મનુષ્યની જેમ શૃંગાર- ક્રીડા કરે છે. શ્રી કૃષ્ણની આ મધુર સ્વરૂપની ઉપસના માધુર્ય-ભક્તિ કહેવાય છે.'[4]

માધુર્ય-ભક્તિ શૃંગાર સમાન છે, પરંતુ શૃંગાર સામન્યત: કામવાસનાથી યુક્ત હોય છે. માધુર્ય-ભક્તિમાં કામવાસનાનો અંશમાત્ર નથી હોતો. એમાં શ્રીકૃષ્ણ અને તેમની પ્રિયતમાઓની પ્રીત સચ્ચિદાનંદ હોય છે. મીરાની ભક્તિ માધુર્ય-ભાવની છે. તેમને નિષ્કામ ભક્તિથી ભગવાન શ્રી કૃષ્ણની કૃપા પ્રાપ્ત કરી હતી. માધુર્ય- ભાવની ભક્તિ-ભાવનામાં લીન મીરાનું સંપૂર્ણ જીવન કૃષ્ણ- સાધનામાં પસાર થયું અને અંતમાં ભગવાન કૃષ્ણમાં જ સમાધિસ્થ થયા.

કૃષ્ણ પ્રતિ અત્યંત પ્રેમ ધરાવતા  મીરા વિશે એક પ્રસંગ છે-

" મીરા બાલ્યકાળથી ભક્તિમય જીવન જીવતાં હતા. એક દિવસ એક સંત આવ્યા. સંત પાસે ગોપાલકૃષ્ણની મૂર્તિ હતી. નાની મીરાએ સંત પાસે તે મૂર્તિ માંગી. ગોપાલકૃષ્ણ તે સંતના ઇષ્ટદેવ હતા તેથી મૂર્તી ન આપી. મૂર્તિ ન મળતાં મીરાએ ત્રણ દિવસ પાણી ન પીધું. મીરાનો ગોપાલ પ્રેમ જોઈ ભગવાને સંતને સ્વપ્ન આપ્યું. સ્વપ્નમાં ભગવાને ગોપાલની મૂર્તિ મીરાને આપી દેવાની આજ્ઞા કરી. સંતે નાનકડી મીરાના હાથમાં ગોપાલની મૂર્તિ આપી. ગોપાલ જ મીરાનું સર્વસ્વ બની ગયું." [5]

બાળપણમાં માતાની છત્રછાયા ગુમાવનાર મીરાનાં લગ્ન અનિચ્છાએ ચિત્તોડના મહારાણા ભોજરાજ સાથે થયા હતા. દુર્ભાગ્યવશ  લગ્ન બાદ અલ્પ સમયાંતરે પતિનું અવસાન થવાથી વિરક્ત મીરા કૃષ્ણમય બની ગયા. મીરાની કૃષ્ણ-ભક્તિથી  પરિવાર ત્રસ્ત થતાં મીરાને મારવાનો અનેકવાર પ્રયત્ન કર્યો. પરિવારથી ત્રસ્ત મીરા દ્વારકા અને વૃંદાવન ગયા અને કૃષ્ણમય બની ગયા. પતિ, માતા-પિતા, દાદાના મૃત્યુંએ મીરામાં વિરક્તિનો ભાવ જગાડ્યો. મીરા તેમના  ઇષ્ટદેવ કૃષ્ણની ભાવના પ્રિયતમ અથવા પતિના રૂપમાં કરતા  હતા. તેમનું માનવું હતું કે આ સંસારમાં કૃષ્ણ સિવાય કોઈ છે જ નહિ. મીરા કૃષ્ણના રૂપની દિવાની હતી-

" મુખડાની માયા લાગી રે,
મોહન તારા મુખડાની માયા લાગી રે.
મુખડું મે જોયું તારુ, સર્વ જગ થયું ખારું ;
મન મારું રહ્યું ન્યારું રે ..'' [6]

કૃષ્ણઘેલી ગોપીઓના જેવા અલૌકિક ભક્તિભાવથી મીરાએ પોતાની જાતને ગિરિધર નાગરના હાથમાં અમોલ વેચી દીધી હતી. મીરા પોતાને કૃષ્ણની જન્મોજન્મની દાસી ગણાવે છે. પ્રભુ સાથેની પુરાણી પ્રીતને કારણે તે પળવાર પણ એના વગર રહી શક્તી નથી. માધુર્ય-ભાવની નારી-સુલભ સૌ વાતો મીરા કરે છે-

" મને મળીયા મિત્ર ગોપાળ, નહિ જાઉં સાસરીયે.
સંસાર મારુ હો સાસરું, ને વૈકુઠ મારો વાસ રે
...... બેઉ કર જોડી વિનવે રે ગુણ ગાય મીરાબાઈ દાસ." [7]

મીરાનો પ્રેમ દેખાવમાં લૌકિક છતાં અલૌકિક છે. એણે દાખવેલો ભક્તિયુક્ત મધુરરસ શૃંગારપ્રધાન ભલે હોય છતાં તે લૌકિક શૃંગારથી ભિન્ન એવો અલૌકિક દિવ્ય શૃંગાર છે. મીરામાં તો આત્માના ઐક્યનો, બિંદુ- સિંધુની એકરૂપતાનો પરિચય મળે છે-

" પ્રેમની પ્રેમની પ્રેમની રે, મને લાગી કટારી પ્રેમની .
જળ જમુનાનાં ભરવા ગયા' તા હતી ગાગર માથે હેમની રે.
કાચે તે તાંતણે હરિજીએ બાંધી, જેમ ખેચેં તેમ તેમની રે .
મીરા કહે પ્રભુ ગિરિધર નાગર, શામળી સૂરત શુભ એમની રે." [8]

શ્રી કૃષ્ણના સગુણ રૂપના લાવણ્ય પર મીરા મુગ્ધ છે. એના આરાધ્ય દેવ શ્રી કૃષ્ણ મોરપીંછનો મુગટ ધારણ કરે છે, એને કાને કુંડળ ઝળકે છે, લલાટે લાલ તિલક છે, ગળામાં વૈજયંતી માળા છે. તે શ્યામ સુંદરના અધર પર મીઠી મોહક બંસરી છે. પરમ સૌન્દર્ય  નિધાન અને મૂર્તિમંત શૃંગારરૂપ મોહનના રૂપ માધુર્યનો સાક્ષાત્કાર કરતી મીરા પોતાની જાતને ભૂલી એ રૂપસાગારના પ્રેમમાં ડૂબી જાય છે -

" બંસીવાલા, આજો મારો દેશ ! તારી શામળી સૂરત હદ વેશ.
આવન આવન કહ ગયે,  કર ગયે કોલ અનેક ; ...
મોરમુગટ શિર છત્ર બિરાજે, ઘુંઘરવાળા કેશ;
મીરા કે પ્રભુ ગિરિધરના ગુણ, આવોની એણે વેશ."[9]

પ્રીતમના વિરહની વેદના જેણે અનુભવી હોય તેજ જાણે મીરા પણ એજ કહે છે – " ઘાયલ કી ગત ઘાયલ જાણે , ઔર ન જાણે કોય." કૃષ્ણના વિરહમાં તડપતી મીરાં ઝેર ખાઈને પ્રાણ ત્યાગ કરવા તત્પર બનતી જણાય છે. મીરાંનું પ્રીતિદગ્ધ, પ્રણયવ્યાકુળ હૈયું એનાં વિરહનાં પદોમાં છતું થાય છે-

" આરત તોરી રે ; પ્રિયા મોહે આરત તોરી રે...
શ્રાવણ ભાદરવો ઊલટ્યો ને, વૃખાઋતુ આગી રે; ..
તેલ જલાવું પ્રેમનું રે નિશદિન પ્રેમમાં રાતી રે ...
મીરાબાઈ વ્રેહની વ્યાકુળી, અપની કર લેજો રે."[10]

વિરહની ઉત્ક્ટ દશામાંથી જન્મે છે આત્મસમર્પણની ભાવના. સાચી વિરિહિણી માટે આ સિવાયનો કોઈ માર્ગ સંભવતો નથી. જલ બહારના માછલાંની દશા અનુભવતી મીરા પોતાની જાતને પૂર્ણપણે શ્રીકૃષ્ણને સોંપી દે છે. આત્મસમર્પણની ભાવનામાંથી જ સરવાળે પ્રગટે છે અદ્વૈતની ભાવના . ભક્ત અને ભગવાન વચ્ચેનું અંતર દૂર થઈ જાય છે, અને હૈયું મિલનના આનંદોલ્લાસમાં તરબોળ બને છે –

" પાયો જી મ્હે તો રામ-રતન ધન પાયો.
વસ્તુ અમોલક દી મ્હારે સત્ગુરુ, ક્રિપા કર અપનાયો.
જનમ જનમકી પૂંજી પાઈ જગમેં સભી ખોવાયો...
મીરા કે પ્રભુ ગિરધર નાગર, હરખ હરખ જસ ગાયો." [11]

મીરાના પદોમાં પ્રેમ-ભક્તિના ન્યારા માર્ગનો પરિચય સહજભાવે થાય છે. મીરાના મનની સ્થિતિમાં થતાં ફેરફાર સાથે શ્રી કૃષ્ણનું રૂપ પણ વિવિધતા ધારણ કરે છે. કાંતાભાવે શ્રી કૃષ્ણને ભજતી મીરા પોતાના પ્રીતમની ભક્ત તરીકે, પ્રેયસી તરીકે સખી તરીકે, પ્રાણવલ્લભ દાસી તરીકે વિવિધ રૂપે આપણી સમક્ષ આવે છે.

**નિષ્કર્ષ** :

મીરા કૃષ્ણની અનન્ય ઉપાસિકા અને એકનિષ્ઠ આરાધિકા હતી. જો કે તેની ભક્તિ માધુર્ય-ભાવની હતી છતાં તેની ભક્તિમાં પ્રેમની નિશ્છલતા, નિસ્વાર્થતાની સાથે પૂર્ણ સમર્પણભાવ મળે છે. ભક્તિનો ઉચ્ચ્તમ આદર્શ મીરાની સાધનામાં દેખવા મળે છે. મીરા ફક્ત કૃષ્ણની ઉપાસક કે કૃષ્ણ પ્રેમિકા જ ન હતી, પરંતુ તેણે પોતાના ભક્તિરસથી અનેક હૃદયોના મેલ ધોયી નાખ્યા અને સમાજને એક નવી દિશા આપી. ભક્તિની આવી પરાકાષ્ઠા માત્ર ત્યારે જ

જોવા મળે છે જ્યારે રાહી અને લક્ષ્ય વચ્ચે અંતર નથી રહેતું. સાધ્ય અને સાધન એકાકાર થઇ જાય છે અને ભક્તિ અને ભગવાન એક થઈ જાય છે. મીરાના જીવનની આ જ પ્રેરણા મળે છે કે જો ભગવાનને પોતાનું સર્વસ્વ સોંપી દેવામાં આવે તો જીવન એક સૌભાગ્યમાં બદલાઈ જાય છે અને અનેક માટે પ્રેરણાનો સ્ત્રોત બની જાય છે. જેવી રીતે પ્રભુ અનંત છે, તેવી જ રીતે તેના ભક્તિના માર્ગ પણ અનંત છે, અને એ અનંત માર્ગ પર ચાલનારા પથિકો અનંત છે. એ અનંત પથોના અનંત પથિકો વચ્ચે જો ક્યાંય એક ચમકતું રત્ન દેખાય તો તે મીરાની ભક્તિનું છે.

## સંદર્ભ


I. श्रीमद् भागवत – ७/५/२३

II. नारदभक्तिसूत्र – ८२

III. मुख्यस्तु पंचधा शान्त: प्रीत: प्रेयांश्चवत्सल:।
मधुरश्चेतमयी ज्ञेया यथापूर्व मनुत्तमा:।।

IV. हेमराजभाई पटेल ‘ संस्कृत काव्यशास्त्र व भक्तिशास्त्र में भक्तिरस की विचारणा ’ ,युनिवर्सिटी ग्रंथनिर्माण बोर्ड – अहमदबाद, प्रथम संस्करण- २००१, पृ. २२

V. ‘સંત ભક્ત ચરિત-2,’ સંપા. - જયંતિભાઈ જોષી, પ્ર. શ્રી સંતરામ મંદિર નડિયાદ, પ્રથમ આવૃતિ – 1991, પૃ. 142

VI. ‘મીરાંનાં પદો’ સંપા. ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી, પ્રકા. જે.ભરત એન્ડ કુ.-મુંબઈ, દ્વિતિય આવૃતિ – 1976 પૃ.2

VII. ‘મીરાંનાં પદો’ સંપા. ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી, પ્રકા. જે.ભરત એન્ડ કુ.-મુંબઈ, દ્વિતિય આવૃતિ – 1976 પૃ.14

VIII. એજન. પૃ. 54

IX. એજન. પૃ. 25

X. ‘મીરાંનાં પદો’ સંપા. ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી, પ્રકા. જે.ભરત એન્ડ કુ.-મુંબઈ, દ્વિતિય આવૃતિ – 1976 પૃ.22

XI. એજન.


***********************************************************************************


**પ્રો. ડો. ભાવના સોની**
સંસ્કૃત વિભાગ
આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ
ભિલોડા


Copyright © 2012 - 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat